


# તા. ૧૫/૦૫/૨૦૨૦ ના રોજ કૃષિ અને કોવીડ-૧૯ ની અસરો પર આયોજીત વેબીનારની કાર્યનોંધ અને ભલામણો

ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી, આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં શિક્ષણ વિભાગ તથા કૃષિ, ખેડૂત કલ્યાણ  અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર અને રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા કૃષિ અને કોવિડ-૧૯ની અસરો ઉપર તારીખ ૧૫.૫.૨૦૨૦ના રોજ ૧૦.૩૦ કલાકે વેબીનારનું આયોજન કરવામાં આવેલ.

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના કુલસચિવશ્રી ડૉ. એમ. એમ. ત્રિવેદીએ સૌને આવકારી વેબીનારની શરૂઆત કરી હતી. ત્યારબાદ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના માન. કુલપતિશ્રી ડૉ. આર. વી. વ્યાસે વેબીનારના અધ્યક્ષ ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, ભારત સરકારના માનનીય રાજ્યકક્ષાના કેન્દ્રીય કૃષિમંત્રીશ્રી પરષોતમ રૂપાલાજી,  ગુજરાત રાજ્યના માનનીય કૃષિ મંત્રીશ્રી આર. સી. ફળદુ, રાજ્યના માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, શ્રી પૂનમચંદ પરમાર, ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીઓ, અધિકારીશ્રીઓ, વૈજ્ઞાનિકો, ખેડૂતભાઈઓ તથા બહેનો અને વિદ્યાર્થીઓ સર્વેનું શાબ્દિક સ્વાગત કરી "કૃષિ અને કોવિડ-૧૯ની અસરો" વિશે પૂર્વ ભૂમિકા રજુ કરી હતી. તેમણે

જણાવ્યુ હતું કે કોવીડ– ૧૯ મહામારીના પડકારજનક સમય દરમ્યાન કૃષિ જગત અને કૃષિ શિક્ષણ ક્ષેત્રે બદલાવ આવ્યા છે. રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ ઓનલાઈન પદ્ધતિથી અભ્યાસક્રમ ચલાવી રહી છે અને વિદ્યાર્થીઓ પણ ઉત્સાહથી અભ્યાસમાં મોટા પ્રમાણમાં ભાગ લઇ રહ્યા છે. વધતા જતા રાસાયણિક ખાતર, જંતુનાશકોના ભાવ, ખેતમજુરોની અછત જેવી સમસ્યાઓના સમાધાન માટે સેન્દ્રીય ખાતર, દેશી બીજ અને પશુશક્તિનો ઉપયોગ આ પરિસ્થિતિમાં જરૂરી છે. સ્વદેશી ટેકનોલોજી અપનાવી ખેતી ખર્ચ ઘટાડવાની ખાસ જરૂરીયાત છે. જેની ટકોર માન્ય પ્રધાનમંત્રીશ્રીએ પણ આપણને કરેલ છે. ખેતી સાથે બાગાયતી પાકો, પશુપાલનનો સમાવેશ કરવો પણ જરૂરી છે. કૃષિમાં યાંત્રીકરણની તાતી જરૂર છે જેથી આપણી ખેતી ટકાઉ અને સમૃદ્ધ બને. આ બાબતોમાં રાજ્યની બધી જ કૃષિ યુનિવર્સિટીઓ સતત પ્રયત્નશીલ છે. વધુમાં, તેમણે વિદ્યાર્થીઓને ખાસ સૂચન કર્યું છે કે જેઓ પોતાના વતનમાં છે તેઓ તેમના કૃષિના જ્ઞાનનો લાભ ગામના ખેડૂતોને આપીને ખાસ મદદરૂપ થાય.

ત્યારબાદ ગુજરાત રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના માનનીય અધિક મુખ્યસચિવશ્રી પૂનમચંદ પરમારે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે,

- ગુજરાત રાજ્યની વિકાસની ગતિમાં કૃષિ અને પશુપાલન એક પ્રમુખ અંગ છે.
- અર્થતંત્રના ત્રણ મુખ્ય અંગો જેવા કે મેન્યુફેકચરીંગ, સર્વિસીંગ અને કૃષિ જે પૈકી કોવીડ-૧૯ ના લોક્ડાઉનના સમયગાળા દરમ્યાન ખેડૂતો તથા કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા કૃષિને લગતા કાર્યો સતત ચાલુ રહેલ છે જે આવકારદાયક બાબત છે.
- ભારત સરકારે ખૂબ જ કાળજીપૂર્વક કૃષિના બધા અંગોને કામ કરતા રાખ્યા છે. ખેડૂતોને નિયમિત રીતે તેમના કૃષિ પેદાશોની હેરફેર થઈ શકે, વેચાણ થઈ શકે એને માટે પણ કાળજી રાખી છે.
- બીજી તરફ શહેરમાંથી મજૂરો બેરોજગાર થતાં ગામડા તરફ દોડી રહ્યા છે આ આપણા માટે એક નવી ચેલેન્જ સામે આવી છે. જે વિચારવા યોગ્ય બાબત છે.
- તાજેતરમાં એક મોટા પગલાં તરીકે આપણે એ.પી.એમ.સી.માં રીફોર્મ્સ લાવીને કૃષિ પેદાશોના વેચાણ માટે એ.પી.એમ.સી. ઉપરાંત ખાનગી બજારને પણ ખુલ્લુ કરી દીધું છે. આમ, ખેડૂત માટે એક મોટી તક ઊભી થઈ છે.

- આ મહામારીમાં સૌથી મહત્વની બાબત એ આપણા ધ્યાન ઉપર આવી છે કે માનવ શરીર માટે રોગ પ્રતિકારક શક્તિ ખુબ જ મહત્વની છે. માનવ શરીર માટે રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદિત ખેત પેદાશોના ઉપયોગ થકી આવી કપરી પરિસ્થિતીમાં આપણું સ્વાસ્થ્ય જાળવી શકાશે.
- પ્રાકૃતિક કૃષિ એ આપણી આવતી કાલ છે. પ્રાકૃતિક કૃષિમાં સૌથી મહત્વનો વિષય એ છે કે આપણો ઇનપુટ ખર્ચ ઘટી જાય છે આપણી રાસાયણિક ખાતરની માંગ ઘટી જાય છે. સાથે સાથે જંતુનાશક રાસાયણિક દવાઓની માગ શૂન્ય થઈ જાય છે.

માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેંદ્રસિંહચુડાસમાએ જણાવ્યું હતું કે,

- શિક્ષણ વિભાગ દ્વારા તા.૩૦/૦૪/૨૦૨૦થી વેબીનારની શૃંખલા ચાલુ કરી છે. આ શ્રેણીના ભાગ રૂપે કોવીડ-૧૯ની કૃષિ પર અસરો અંગે ચિંતન-મનન અર્થે આ વેબીનારનું આયોજન કરેલ છે.
- આઝાદી વખતે દેશની ૮૫ ટકા વસ્તી ખેતી સાથે સંકળાયેલ હતી જે હાલ ૫૮ ટકા થઇ છે. જે ચિંતાનો વિષય છે.
- આ સમયગાળા દરમિયાન ફળો અને શાકભાજીનો ખૂબ જ બગાડ થયેલ છે. જેના સમાધાન માટે ખેડૂતો અને નાના ઉદ્યોગકારોએ વેલ્યુએડિશન (મૂલ્યવર્ધન), પેકેજીંગ, ગ્રેડીંગ, હાર્વેસ્ટિંગ વગેરે પ્રક્રિયાને સરળ અને ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ કરવાની જરૂરિયાત છે. જેનાથી વડાપ્રધાનશ્રીના સ્વદેશીનું સૂચન પણ સાર્થક કરી શકાય તેમ છે.
- આપણા દેશમાં સિક્કિમ રાજ્યમાં ૧૦૦ ટકા સેન્દ્રિય ખેતી કરવામાં આવે છે. બિન રાસાયણિક કૃષિ ઉપજને કારણે ત્યાંના લોકોમાં રોગ પ્રતિકારક શક્તિ વધારે હોવાથી ત્યાં કોરોના વાયરસનો એક પણ કેસ નોંધાયો નથી.
- હાલની પરિસ્થિતીમાં નિકાસની પ્રક્રીયા બિલકુલ બંધ છે ત્યારે તેના વિકલ્પ માટે આપણે ક્વોલીટી પ્રોડક્ટ બનાવી વિશ્વમાં ઉભા રહીએ એ ખુબજ અગત્યનું છે.

માન. કૃષિમંત્રીશ્રી, આર. સી. ફળદુ, ગુજરાત રાજ્યએ કૃષિ શિક્ષણ અંગે કહ્યું હતું કે,

- કોવીડ-૧૯ના કપરા કાળમાં જ્યારે લોકડાઉન કરવું પડયું ત્યારે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓએ કૃષિ શિક્ષણને અટકવા દીધું નથી.

- તમામ કૃષિ યુનિવર્સિટીઓએ મોબાઈલ, ઈમેઈલ, અને વિડિયો મીટીંગના માધ્યમથી પોતાના વતનમાં પહોંચેલા વિદ્યાર્થીઓ સાથે વર્ચ્યુઅલ ક્લાસિસના માધ્યમથી ઓનલાઇન શિક્ષણ ચાલુ રાખ્યું છે જેનાથી આજે તમામ કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા કોલેજોમાં ૯૦ થી ૯૫ ટકા કોર્સ કાર્ય પૂર્ણ કરવામાં આવેલ છે. આમ, વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તેવી તમામ કાળજી યુનિવર્સિટીઓ લઈ રહી છે. આ માટે તેઓએ કૃષિ યુનિવર્સિટીઓના અધ્યાપકોને બિરદાવ્યા હતા.

કૃષિ પ્રવૃતિ અંગે ખેડૂતોની પ્રશંસા કરતા તેઓએ જણાવ્યું હતું કે,

- ખેડૂતોએ ગુણવત્તાવાળું ખેત ઉત્પાદન કરીને તેનું મૂલ્યવર્ધન કરી બજારમાં વેચાણ કરવાની તાતી જરૂરિયાત છે.
- પ્રોસેસિંગને લગતા ઉદ્યોગને આહવાહન કર્યું હતું કે, આ વર્ષે ખેડૂતોને આર્થિક નુકસાની સામે વળતર આપવાનો સમય છે, તેથી મૂલ્યવર્ધનની ચેઇન સાથે સંકળાયેલ ઉદ્યોગકારો આગળ આવે અને ઓછા નફાએ પણ જગતનું પેટ ભરનાર ખેડૂતોની પડખે ઉભા રહે.

વેબીનારમાં ઉપસ્થિત રહેલા રાજ્યકક્ષાના કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી, શ્રી પરસોતમ રૂપાલાજીએ જણાવ્યું હતું કે,

- ભારત કૌશલ્યસભર દેશ છે. જે પ્રાકૃતિક કૃષિની ઉપજ વડે લોકોમાં રોગ પ્રતિકારક શક્તિ વિકસિત કરવામાં મદદ કરી શકે તેમ છે.
- માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત જ એવો દેશ બન્યો છે જેણે માનવ હિતમાં આવા કપરા સમયમાં દવાઓની નિકાસ કરી છે.
- લોકડાઉનમાં પણ ભારત સરકારે ખેડૂતો અને ખેતીનું રક્ષણ કરવા માટે પાક કાપણી કરવાની તેમજ હાર્વેસ્ટરને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં લઈ જવાની મહત્વની છૂટછાટ પણ આપી છે.
- કૃષિ હિતમાં પ્રધાનમંત્રી કિસાન યોજના હેઠળ ૧૮૦૦૦ કરોડ રૂપિયા નવ કરોડ ખેડૂતોના ખાતામાં સીધા જમા કરાવ્યા છે.
- આ કોવીડ-૧૯ના સમયગાળા દરમ્યાન પરંપરાગત કૃષિ થકી આપણે સ્વાવલંબી બનીએ એ ખૂબ જ જરૂરી છે, જેથી આવી ખેતી થકી ઉત્પન્ન થયેલ કૃષિ ઉત્પાદનોના સેવનથી આપણી રોગ પ્રતિકારક શક્તિ વધારી શકાય.

- કેસર કેરીની જેમ ખેતરમાં પાકેલા ફળ, શાકભાજી અને અનાજને ખેતરમાંથી સીધાજ પેક કરી શહેરોની સોસાયટીમાં વેચી શકાય તેવું મોડલ વિકસાવવાની જરૂર છે. આમ, ઉત્તમખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરીની ઉક્તી સાચી પડશે.
- તેઓએ જણાવ્યું હતુ કે તત્કાલિન ગુજરાત રાજયના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇના 'Cow hostel' ના પ્રયોગ આગળ વધારવા અંગેના વધુ પ્રયત્ન કરવા જોઇએ.

માનનીય રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્ય, આચાર્ય દેવવ્રતજીએ અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું હતું કે,

- આવા કપરાકાળમાં આપણી ખેતી ટકાવી રાખવી હશે તો આપણે પ્રાકૃતિક ખેતી તરફ જવું જ પડશે.
- ભારત જ એક માત્ર એવો દેશ છે જેની પાસે યોગ, આયુર્વેદ અને બિનરાસાયણિક કૃષિ પદ્ધતિની સંસ્કૃતિ છે. જીવનમાં આ ત્રણેય બાબતો અપનાવીએ તો કોરોના જેવા રોગ સામે રોગપ્રતિકારક શક્તિ મળે.
- પ્રાકૃતિક કૃષિમાં ખાતર, દવા તેમજ અન્ય રૂપમાં ઝેરી રસાયણો વપરાતા નથી તેથી આવી ખેત ઉપજ શરીરને તંદુરસ્ત રાખે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. તેથી કૃષિ વૈજ્ઞાનિકો તેમજ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ વધવા તેઓશ્રીએ આહવાહન કર્યું હતુ. આ માટે કૃષિ યુનિવર્સિટીઓએ આગળ આવવું પડશે.
- લોકડાઉન વખતે માત્ર માનવી જ ઘરમાં પુરાઈ ગયો હતો અને કુદરતે બનાવેલી પ્રાકૃતિક દુનિયા તો ચાલુ જ હતી જેના કારણે ગંગા, યમુના જેવી મોટી નદીઓ તેમજ અન્ય પ્રાકૃતિક સંસાધનો સ્વચ્છ પણ થયા અને વાતાવરણ પણ પ્રદૂષણ મુક્ત બન્યું છે. તેથી આપણે પણ પ્રાકૃતિક જીવનશૈલી અપનાવવી પડશે.
- ગુજરાત રાજ્યમાં છેલ્લા થોડા સમયથી પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા પગલા લેવામાં આવ્યા છે અને આ સંબધે ખેડૂતોને તાલીમ પણ આપવામાં આવી છે.
- દેશમાં ખૂબ જ મોટી માનવ સંખ્યા હોવા છતાં માનનીય વડાપ્રધાનશ્રી અને રાજ્ય સરકારે આયોજનબદ્ધ પગલાં લઇ કોવીડ-૧૯ની અસરોને  અટકાવવાના સફળ પ્રયત્નો કર્યા છે. આ કપરાકાળમાં રૂપિયા ૨૦ લાખ કરોડનું પેકેજ દેશને વડાપ્રધાનશ્રીએ આપ્યું તે ખૂબ જ સરાહનીય છે.

અંતમાં કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટીએ આ વેબીનારમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવોનો આભાર માની આ વેબીનારને પૂર્ણ થયેલ જાહેર કરેલ.

નોંધ: સદર વેબીનારને યુ-ટ્યુબ પર https://youtu.be/FhI3TBlUhFw લીંન્કથી નિહાળી શકાશે.




###